**અમદાવાદ(રુરલ)ના મે. પમાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં. ૨૫૩૩/૧૯**

**આંક–૬**

ફરીયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– નીલાનભાઈ પરેશભાઈ શાહ

-----------------------------------------------------

**ગુનો:– ઈ.પી.કોડની કલમ : ૨૮૩, ૧૮૮ તથા જી.પી. એકટની કલમ:૧૩૧ મુજબ**

-----------------------------------------------------

**ચુ કા દો**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ટ્રાફીકને અડચણરૂપ રાખી ઈ.પી.કોડની કલમ: ૨૮૩, ૧૮૮ તથા જી.પી. એકટની કલમ:૧૩૧ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા, તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને ક્રી.પ્રો.કો કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી

તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::-હુ ક મ-::**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ: ૨૮૩, ૧૮૮ તથા જી.પી. એકટની કલમ:૧૩૧ મુજબ શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી રુા.૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન: ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૯મી, માહે માર્ચ, ૨૦૧૯ના રોજ ખુલ્લી નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૧૯**
અમદાવાદ(ગ્રામ્ય)

**(રાકેશ લલિત ગુપ્તા)**
UIC No GJ01371
૫માં જયુડી.મેજી.ફ.ક
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.